**સનાતન સંસ્કૃતિના જતન માટે દરેક નવયુગલને પવિત્ર શ્રીમદ ભગવદ્ ગીતા અને ચાંદીના તુલસી અર્પણ કરવામાં આવ્યા**

# તારાપુરના જીચકામાં સમુહ લગ્નોત્સવમાં 115 યુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યા

**દીકરીઓને** કરિયાવરમાં 217 વસ્તુ સાથે હેલ્મેટ, પવિત્ર ગાય ભેટ અપાઈ



(પ્રતિનિધિ) તારાપુર તા 8

તારાપુર તાલુકાના જીચકા ગામે 'દ્વારકેશ ગોપાલક સમાજ ફાઉન્ડેશન' દ્વારા ચોથો ભવ્ય સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. 'લાગણીના વાવેતર' શીર્ષક હેઠળ આયોજિત આ પ્રસંગે કુલ 115 નવયુગલો પ્રભુતામાં પગલાં માંડ્યા હતા.

આ સમૂહ લગ્નોત્સવમાં 45 નિરાધાર દીકરીઓનું કન્યાદાન કરવામાં આવ્યું હતું. ગોકુળ ડેવલપર્સના વિજયભાઈ માલાભાઈ ભરવાડ પરિવારે આ દીકરીઓનું કન્યાદાન કરી સામાજિક જવાબદારી નિભાવી હતી.

આયોજકો દ્વારા નવદંપતીઓને પરંપરાગત કરિયાવર ઉપરાંત કેટલાક વિશેષ ભેટ આપવામાં આવી હતી. માર્ગ અકસ્માતોથી બચવા અને ટ્રાફિક જાગૃતિ લાવવાના હેતુથી તમામ 115 નવયુગલોને હેલ્મેટ ભેટમાં અપાયા હતા.

સનાતન સંસ્કૃતિના જતન માટે દરેક નવયુગલને પવિત્ર શ્રીમદ ભગવદ્ ગીતા અને ચાંદીના તુલસી અર્પણ કરવામાં આવ્યા હતા. માલધારી સમાજની પરંપરા જાળવવા દીકરીઓને ચાંદીની ગાય પણ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

નવદંપતીઓને સંસાર શરૂ કરવા માટે કુલ 217 નાની-મોટી ઘરવખરીની ચીજવસ્તુઓ કરિયાવરમાં આપવામાં આવી હતી. જેમાં ડબલ બેડ, 3-ડોર કબાટ, સોફા સેટ, ફ્રીઝ, LED TV અને ઘરઘંટી જેવી આવશ્યક સુવિધાઓનો સમાવેશ થાય છે.

આ સમગ્ર આયોજનનો ખર્ચ વિજયભાઈ માલાભાઈ ભરવાડ દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો.

આ ભવ્ય સમૂહ લગ્નોત્સવમાં 50 હજારથી વધુ લોકોની જનમેદની ઉમટી પડી હતી. ગુજરાતના મંત્રીઓ, સાંસદો અને ધારાસભ્યો સહિત અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી. ખ્યાતનામ કલાકારો ગોપાલ ભરવાડ, મનીષા ભરવાડ અને મનુબેન ભરવાડે લગ્નગીતો રજૂ કર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ વિજયભાઈ ભોકળવા, નીરૂબેન ભરવાડ અને તેમની સમગ્ર ટીમે સઘન જહેમત ઉઠાવી હતી.

# ભેટાસી ગામે ત્રણ બંધ કેબીનોમાં આગ : દુકાનો બળીને ખાખ

**આગને** કારણે દુકાનો ઉપરથી પસાર થતી વીજ લાઇનના વાયરો બળી ગયા



(પ્રતિનિધિ) આંકલાવ, તા.8

આંકલાવ તાલુકાના ભેટાસી ગામે વહેલી સવારે આગ લાગવાની ઘટના બની હતી. દૂધ મંડળી પાસે આવેલી ત્રણ લાકડાની કેબીનો આગની લપેટમાં આવી ગઈ હતી. આ કેબીનો રાવજીભાઈ પરમાર, ચીમનભાઈ પરમાર અને ચંદુભાઈ પરમારની માલિકીની હતી. છેલ્લા કેટલાક સમયથી વ્યવસાયિક રીતે બંધ હોવા છતાં, આ કેબીનો અચાનક લાગેલી આગને કારણે સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી.

આગને કારણે દુકાનો ઉપરથી પસાર થતી વીજ લાઈન પણ ઝપેટમાં આવી ગઈ હતી. જેના પગલે વાયરો બળી ગયા હતા અને આસપાસના રહેણાંક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. સ્થાનિક રહીશોએ આગને વધુ ફેલાતી અટકાવવા પ્રયાસ કર્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં દુકાનોને ભારે નુકસાન થયું હતું. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

# ખાનપુર કોલંબીમાં ઝાડ સાથે ટ્રેક્ટર અથડાતા ચાલકનું મોત

(પ્રતિનિધિ) ખાનપુર, તા.8

ખાનપુર કોલંબી ગામે પુરપાટ ઝડપે ધસી જતા ટ્રેક્ટર ચાલકે સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી દીધો હતો.જેને લઈને ટ્રેક્ટર ઝાડ સાથે અથડાઈ પડયુ હતું. તો અકસ્માતને પગલે ટ્રેક્ટર છુટુ પડી જતા ચાલક ગંભીર રીતે ઘવાયો હતો.જેમા ટ્રેક્ટર ચાલકનું સારવાર દરમિયાન કરૂણ મોત થયુ હતુ.જે અંગે બાકોર પોલીસે ફરીયાદ નોંધી હતી.

ફતેપુરા પીપલીયાના રહીશ શૈલેશભાઇ મગનભાઇ મછાર તેઓના ઘરેથી મુજુરી અર્થે ટ્રેક્ટર લઈને ડીસા જવા નીકળ્યા હતા.જો કે તે અરસામાં તેમના કાકાને ત્યાં લગ્ન પ્રસંગ હોવાથી ટ્રેક્ટર લઈને ડીસા-થરાદથી પીપલીયા આવવા નીકળ્યાં હતા.ત્યારે ખાનપુર કોલંબી ગામે રોડ પરથી પસાર થતી વેળાએ પુરપાટ ઝડપે અને બેફિકરાઈથી જતા શૈલેષભાઈએ ટ્રેક્ટરના સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી દીધો હતો.જેના પરિણામે ટ્રેક્ટર ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ પડતા ટ્રેક્ટર છુટુ પડી ગયુ હતુ.અને કાળમુખો અકસ્માત સર્જાયો હતો.તો અકસ્માતને પગલે શૈલેષભાઇ રોડ પર નીચે પટકાયા હતા.અને ગંભીર રીતે જખ્મી થયા હતા.જેથી તેઓને લુણાવાડા સરકારી દવાખાને તાત્કાલિક સારવાર અર્થે ખસેડાયા હતા.અને પછીથી વધુ સારવાર અર્થે દાહોદ દવાખાને લઇ જવાનું થયુ હતુ.જો કે દાહોદ પહોચે તે પહેલા શૈલેશભાઇ મગનભાઇ મછાર ઉ.વ.35નું કરૂણ મૃત્યુ થયુ હતુ.જે અંગે મૃતકના સાળા રાજુભાઇ વસૈયાએ અકસ્માત કરનાર શૈલેષભાઇ મછાર સામે બાકોર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# શ્રીલંકાના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે આણંદ સ્થિત અમૂલ ડેરીની મુલાકાત લીધી

**અમૂલના વહીવટી** માળખા, માર્કેટિંગ વ્યૂહરચના અને મજબૂત સપ્લાય ચેઈન મેનેજમેન્ટ વિશે માહિતગાર કરાયા



(પ્રતિનિધિ) આણંદ, તા.8

ભારતની સહકારી ચળવળ અને શ્વેત ક્રાંતિના સફળ મોડેલને સમજવાના હેતુથી શ્રીલંકાના જનતા વિમુક્તિ પેરમુના (JVP) ના જનરલ સેક્રેટરી તિલવિન સિલ્વા અને તેમની સાથે આવેલા પાંચ સભ્યોના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે આજે ગુજરાતના આણંદ ખાતે આવેલી અમૂલ ડેરીની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન ડેરીના મેનેજમેન્ટ ટીમ દ્વારા પ્રતિનિધિમંડળને એક વિશેષ ડોક્યુમેન્ટ્રી પ્રસ્તુતિ બતાવવામાં આવી હતી. આ પ્રસ્તુતિ દ્વારા ગુજરાતમાં સહકારી ચળવળના ઈતિહાસ, તેના ક્રમિક વિકાસ અને ભવિષ્યના સંભવિત વિકાસના લક્ષ્યાંકો વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

આ દરમિયાન પ્રેઝન્ટેશનના માધ્યમથી શ્રીલંકાના પ્રતિનિધિમંડળને અમૂલના વહીવટી માળખા, માર્કેટિંગ વ્યૂહરચના અને મજબૂત સપ્લાય ચેઈન મેનેજમેન્ટ વિશે માહિતગાર કરવામા આવ્યા હતા. તેમજ અમૂલના સહકારી મોડેલ દ્વારા ગ્રામીણ સ્તરે આવતા સામાજિક પરિવર્તન અને પશુપાલકોના આર્થિક ઉત્થાનની કાર્યપદ્ધતિ અંગે વિશેષ જાણકારી આપવામાં આવી હતી.

ત્યારબાદ, જનરલ સેક્રેટરી તિલવિન સિલ્વા અને પ્રતિનિધિમંડળના અન્ય સભ્યો જેવા કે સેન્ટ્રલ કમિટી મેમ્બરશ્રી જનક અધિકારી, સંસદ સભ્યશ્રી કિતનન સેલવરાજ, સંસદ સભ્ય કરુણાનાન્થન હંકુમારન અને મીડિયા યુનિટ હેડ હેમાથિલાકા ગામેગે, ઈન્ટરનેશનલ રિલેશન્સ કમિટીના સભ્ય સુશ્રી બી.આર. કલ્પના મધુભાષિની અને કોલંબો સ્થિત ભારતીય હાઈ કમિશનના કાઉન્સેલર ડૉ. રામબાબુ સી. એ અમૂલના પ્લાન્ટ સાઈટની રૂબરૂ મુલાકાત લીધી હતી.

અને તેમણે અમૂલનું સહકારી મોડેલ વિશ્વ માટે એક પ્રેરણાસ્ત્રોત છે અને ગરીબ તેમજ મધ્યમ વર્ગના લોકોના ઉત્થાન માટે આ મોડેલ અત્યંત પ્રશંસનીય હોવાનું આ મુલાકાત દરમિયાન જણાવ્યું હતું.

# બાલાસિનોરમાં 1.57 લાખના દાગિનાઓ ચોરી તસ્કરો ફરાર

**પરિવાર** લગ્નમાં હતો અને તસ્કરોએ ચોરી મચાવી

(પ્રતિનિધિ) બાલાસિનોર, તા.8

બાલાસીનોર નવા રોહિતવાસના બંધ મકાનમાં તસ્કરો ઘૂસ્યા હતા. જેમા સોના-ચાંદીના દાગિનાઓ સહિત કુલ રૂ.157588 ની મત્તા ચોરી તસ્કરો રફુચકકર થઇ ગયા હતા.જે અંગે બાલાસિનોર પોલીસે ફરીયાદ નોંધી હતી.

પ્રાપ્ત વિગતોનુસાર, બાલાસિનોર નવા રોહિતવાસમાં રહેતા જીતેન્દ્રકુમાર ઉર્ફે જશુભાઇ કાનજીભાઇ ચૌહાણને તા.05-02-2026 નારોજ સાઢુની દિકરીને ત્યાં લગ્નમાં જવાનુ થયુ હતુ.જે અંગે ઘરને તાળુ મારી સમગ્ર પરિવાર આણંદ રામનગર ખાતે લગ્ન મનાવવા પહોચ્યો હતો. જેમા તેમણે અનિલ મકવાણાનો ફોન કોલ્સ હોવાનું જણાવી બાલાસિનોર સ્થિત તેમના ઘરે ચોરી થઇ હોવાનું જણાવ્યુ હતુ.

લોકરમાં મુકેલ સોનાની બુટ્ટી 1, સોનાની વીટી 1, સોનાની કડી 3 જોડ ,સોનાની ચુનીઓ 4, સોનાની ચીપવાળી ચાંદીની પાટલી 1 જોડ ,ચાંદીના પાયલ 1 જોડ,ચાંદીનું મંગળસુત્ર 1, ચાંદીની લકી 1 મળી તસ્કરોએ કુલ રૂ.157588 ના સોના ચાંદીના દાગિનાઓ ચોરી કર્યા હતા અને રફુચકકર થઇ ગયા હતા.

જે અંગે જીતેન્દ્રકુમાર ચૌહાણે ચોરી કરનાર અજાણ્યા તસ્કરો વિરુદ્ધ બાલાસિનોર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ખાનપુરના સાપડિયા ગામે NFSM Pulse યોજના હેઠળ ખેડૂત તાલીમ શિબિર યોજાઈ



**ખાનપુર** | મહિસાગરના ખાનપુર તાલુકાના સાપડિયા ગામે ભારત સરકારની NFSM Pulse યોજના અંતર્ગત ખેડૂતોની આવક વધારવાના ઉદ્દેશ્ય સાથે તાલીમ શિબિરનું આયોજન કરાયું હતું. કૃષિ વૈજ્ઞાનિક જે. કે. પટેલે ખેડૂતોને કઠોળ પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ, સુધારેલી જાતો અને ખાતર વ્યવસ્થાપન અંગે ટેકનિકલ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વિસ્તરણ અધિકારી જગદીશભાઈ શર્માએ રાસાયણિક ખેતી ત્યજી, જમીનની ફળદ્રુપતા જાળવવા ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા પર વિશેષ ભાર મૂક્યો હતો. શિબિરમાં મોટી સંખ્યામાં પ્રગતિશીલ ખેડૂતોએ ભાગ લીધો હતો.

### આણંદમાં 'જુનિયર ટાઇટન્સ'નો જલ્વો: એક હજાર બાળકો રમતગમતના રંગે રંગાયા



**આણંદ** | ગુજરાત ટાઇટન્સ દ્વારા આણંદની આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલમાં 'જુનિયર ટાઇટન્સ'ની ત્રીજી આવૃત્તિનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. 'લેટ્સ સ્પોર્ટ આઉટ!' ના મંત્ર સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં આણંદની 20 શાળાઓના 1,000 જેટલા બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બાળકોમાં ટીમવર્ક અને સકારાત્મક જીવનશૈલી કેળવવાના હેતુથી આ બિન-સ્પર્ધાત્મક ઇવેન્ટમાં વિવિધ પ્રવૃત્તિ-આધારિત સેશન્સ યોજાયા હતા. આણંદના સફળ આયોજન બાદ હવે આગામી 14 ફેબ્રુઆરીએ અમદાવાદમાં આ અભિયાનનો અંતિમ તબક્કો યોજાશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### નડિયાદમાં વિદ્યાર્થીઓ માટે 'સ્ટ્રેસ વિના પરીક્ષાની તૈયારી' અંગે સંવાદ યોજાયો



**નડિયાદ** | વાયસીએસ અમદાવાદ ડાયસીસના ઉપક્રમે ધો. 6થી 12ના બાળકો માટે પરીક્ષાના તણાવ મુક્તિ અને તૈયારીઓ અંગે જ્ઞાનાત્મક સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ટોપર વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓએ રિવિઝન, સોશિયલ મીડિયાથી અંતર અને ઘરના સકારાત્મક ભાવાવરણ અંગે અમૂલ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. નિષ્ણાત શિક્ષકો અને એનિમેટર્સે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને ધ્યેય પ્રાપ્તિ અને બોર્ડ પરીક્ષાની કામગીરી વિશે ઊંડાણપૂર્વક સમજ આપી હતી. ફાધર એડવીન અને યુથ મેન્ટોર્સની નિશ્રામાં યોજાયેલા આ સફળ કાર્યક્રમનું સંચાલન ICYM ના યુવા પ્રતિનિધિઓ દ્વારા ઉત્સાહપૂર્વક કરવામાં આવ્યું હતું.

### આણંદની આઈજે પટેલ બી.એડ્. કોલેજમાં ગાંધી નિર્વાણ દિન નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો




**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આઈજે પટેલ બી.એડ્. કોલેજમાં પ્રાર્થના અને મૌન પાળી ગાંધી નિર્વાણ દિનની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે તાલીમાર્થી સચિન કટારીયાએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું અને બે મિનિટનું મૌન પાળી પૂજ્ય બાપુને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી. તાલીમાર્થીઓ દ્વારા કાળા પાટિયા પર સુંદર કલાત્મક આલેખન કરવામાં આવ્યું હતું જે કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહ્યું હતું. પ્રા. ઉર્મી પટેલ અને પ્રા. જાગૃતિ સોલંકીના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

### પેટલાદની મોરડ પ્રાથમિક શાળામાં ફાયર સેફ્ટી મોકડ્રીલ અને જનજાગૃતિ સંવાદ યોજાયો



**પેટલાદ** | મોરડ પ્રાથમિક શાળામાં શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સરપંચની હાજરીમાં આગ સામે રક્ષણ મેળવવા માટેની મોકડ્રીલ યોજવામાં આવી હતી. કરમસદના મેહુલભાઈ પટેલે આગના પ્રકારો અને સાધનોના ઉપયોગ વિશે સમજ આપી, પાઉડર તથા ગેસની બોટલોનું પ્રાયોગિક નિદર્શન કર્યું હતું. આ કાર્યક્રમમાં સરપંચ રાજેન્દ્રભાઈ પરમાર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને આગ સમયે રાખવાની સાવધાની અંગે માર્ગદર્શન અપાયું હતું. અંતે શાળાના શિક્ષક પરેશભાઈ પટેલે મેહુલભાઈ અને તેમની ટીમનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી.

### આણંદના બાકરોલની સ્પેક-MBA કોલેજમાં 'બિઝનેસ એનાલિટિક્સ' કોર્સનો પ્રારંભ કરાયો



**આણંદ** | તિરૂપતિ ફાઉન્ડેશન સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક), બાકરોલ ખાતે GTU-CCE પ્રમાણિત બિઝનેસ 'એનાલીટીક્સ ફોર મેનેજર્સ' કોર્સનો પ્રારંભ અને ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ ડો. હિતેશ પરમારે મેનેજમેન્ટ ક્ષેત્રમાં ડેટા આધારિત નિર્ણય પ્રક્રિયા અને બિઝનેસ એનાલિટિક્સના વધતા મહત્વ વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનું સફળ આયોજન ડિરેક્ટર ડો. વિશાલ પાટીદાર અને કોર્સ કો-ઓર્ડીનેટર્સના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ અને ટ્રસ્ટી મંડળે આ શૈક્ષણિક પહેલ બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

### મોગરીની એમ.બી.પટેલ એપ્લાઇડ સાયન્સ કોલેજમાં વાર્ષિક રમતોત્સવની ઉજવણી



આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત મોગરીની એમ.બી.પટેલ એપ્લાઇડ સાયન્સ કોલેજ ખાતે વાર્ષિક રમતોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ દોડ, કૂદ અને ફેંક જેવી વિવિધ રમતગમતની સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં બી.પી. એડ. કોલેજના પ્રિન્સિપાલનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો. સમગ્ર આયોજન દરમિયાન કોલેજના પ્રિન્સિપાલ અને સ્ટાફ મિત્રોએ હાજર રહીને રમતવીરોને સતત પ્રોત્સાહિત કર્યા હતા.

### લુણાવાડાની ઈન્ફીનીટી સ્કૂલમાં ધોરણ-10 અને 12ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો




**લુણાવાડા** | લુણાવાડાની ઈન્ફીનીટી સ્કૂલમાં બી.જે. મેડિકલ કોલેજના ડો. કમલેશ ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને ધોરણ-10 અને 12ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ ખૂબ જ ઉત્સાહભેર યોજાયો હતો. આ પ્રસંગે ડો. કમલેશ ઉપાધ્યાયે વિદ્યાર્થીઓને જીવનમાં સફળતા મેળવવા માટે પુસ્તકિયા જ્ઞાનની સાથે આઈક્યુ અને ઈક્યુ (ઈમોશનલ ક્વોશન્ટ) વચ્ચેનું સંતુલન જાળવવા અને ઉત્તમ નાગરિક બનવા પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. આ સમારંભમાં ડો. કમલેશ ઉપાધ્યાયે પોતાના ગુરુ કાંતિલાલ દરજીની 'ગુરુવંદના' કરી આશીર્વાદ લીધા હતા અને શાળા પરિવાર દ્વારા ચિત્રકાર બિપિન પટેલનું કલાત્મક ચિત્ર આપી તેમનું સન્માન કરાયું હતું.

### વલ્લભ વિદ્યાનગરની જીસેટ ખાતે હેકાથોનમાં વિજેતાઓનું સન્માન કરવામાં આવ્યું




**આણંદ** | વલ્લભ વિદ્યાનગરની જી. એચ. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી (GCET) ખાતે Odoo India સાથે મળીને આયોજિત 24 કલાકના રાષ્ટ્રીય હેકાથોનમાં દેશભરની 50 કોલેજોના 322 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કુલ 750થી વધુ ટીમોમાંથી પસંદ થયેલી 90 ટીમોએ આધુનિક ટેકનોલોજીના ઉપયોગ દ્વારા વાસ્તવિક ઔદ્યોગિક સમસ્યાઓના નવીન સોલ્યુશન્સ તૈયાર કર્યા હતા, જેનું 16 ઉદ્યોગ નિષ્ણાતોએ મૂલ્યાંકન કર્યું હતું. સીવીએમ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. ઇન્દ્રજીત પટેલ અને Odooના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમથી ઉદ્યોગ અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચેનો સહયોગ વધુ મજબૂત બન્યો છે.

### આંકલાવની વડીયાપુરા શાળાના બાળ વૈજ્ઞાનિકોની 'સેલ્ફ ડિફેન્સ ગન' રાજ્ય કક્ષા માટે પસંદ



**આંકલાવ** | આંકલાવની વડીયાપુરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઝોન કક્ષાના વિજ્ઞાન મેળામાં પ્રથમ સ્થાન મેળવી હવે રાજ્ય કક્ષાએ પસંદગી પામી છે. સાહિલકુમાર અને કિર્તીબેન પઢિયારે સ્ત્રી સુરક્ષા અને સ્વાવલંબનના હેતુથી તૈયાર કરેલ આ પ્રોજેક્ટ નિર્ણાયકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. માર્ગદર્શક શિક્ષક પ્રકાશકુમાર પટેલના માર્ગદર્શન હેઠળ મળેલી આ સિદ્ધિએ શાળા, ગામ અને આણંદ જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

### આણંદની કસ્તુરબા કન્યા વિદ્યાલયની છાત્રાઓનો જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં દબદબો



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કસ્તુરબા કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ જિલ્લા કક્ષાની 'બાળ પ્રતિભા શોધ' સ્પર્ધામાં વિવિધ કલા કૌશલ્યોમાં ઝળહળતી સફળતા મેળવી છે. દુહા-છંદ, લોકવાર્તા, વક્તૃત્વ, સર્જનાત્મક કારીગરી, લગ્નગીત અને સમૂહગીત જેવી અનેક સ્પર્ધાઓમાં શાળાની દીકરીઓએ પ્રથમ ક્રમ હાંસલ કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ ઉપરાંત એકપાત્રીય અભિનય, નિબંધ અને ભજન સ્પર્ધામાં પણ વિદ્યાર્થિનીઓએ દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યા છે. વિદ્યાર્થિનીઓની આ વિશેષ સિદ્ધિ બદલ શાળા પરિવાર અને સંસ્થા દ્વારા તમામ વિજેતાઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.